# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 19-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

****************************************************

1) ભારતીય સાયબર ક્રાઇમ કો-ઓર્ડિશનેશન સેન્ટર I4Cએ લોકોને ઓનલાઇન બુકિંગમાં છેતરપિંડી સામે ચેતવણી જારી કરી.

2) ભારતે 30 અબજ ડોલરથી વધુની દવાની નિકાસ કરીઃ એક તૃતીયાંશ કરતાં વધુ હિસ્સા સાથે અમેરિકા મોખરે.

3) JEE મુખ્યનાં બીજા સત્રની પરીક્ષામાં 24 વિદ્યાર્થીઓએ BE/B.TECHમાં 100માંથી 100 ગુણ મેળવ્યા.

4) કેનેડામાં 21 વર્ષીય ભારતીય વિદ્યાર્થીનીનું ગોળી વાગવાથી અવસાન.

5) આઇપીએલમાં, અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે.

..........................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# I4C-ONLINE FRAUD ALERT

ગૃહ મંત્રાલય હેઠળનાં ભારતીય સાયબર ક્રાઇમ કોઓર્ડિનેશન સેન્ટર-I4C એ આજે ઓનલાઇન બુકિંગ છેતરપિંડી, ખાસ કરીને ધાર્મિક યાત્રાળુઓ અને પ્રવાસીઓને નિશાન બનાવતી છેતરપિંડી સામે જાહેર ચેતવણી જારી કરી છે.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, લોકોને કોઈપણ ચૂકવણી કરતા પહેલા અત્યંત સાવચેતી રાખવાની અને હંમેશા વેબસાઇટની અધિકૃતતાની ચકાસણી કરવાની સલાહ આપવામાં આવી છે.

લોકોને ગૂગલ, ફેસબુક અથવા વોટ્સઅપ પર પ્રાયોજિત અથવા અજ્ઞાત લિંક્સ પર ક્લિક કરતી વખતે સાવચેતી રાખવાની ચેતવણી આપવામાં આવે છે. મંત્રાલયે લોકોને માત્ર સત્તાવાર સરકારી પોર્ટલ અથવા વિશ્વસનીય ટ્રાવેલ એજન્સીઓ દ્વારા જ બુકિંગની ક્રોસ-ચેક કરવા વિનંતી કરી હતી. કોઈપણ છેતરપિંડીના કિસ્સામાં, નાગરિકોને રાષ્ટ્રીય સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ www.cybercrime.gov.in પર અથવા હેલ્પલાઈન નંબર 1930 પર ફોન કરીને તાત્કાલિક ઘટનાની જાણ કરવા સલાહ આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

# PHARMA - EXPORT

ગયા નાણાકીય વર્ષમાં ભારતે 30 અબજ ડોલરથી વધુ દવાની નિકાસ કરી હતી. ભારત માટે અમેરિકા ટોચનું બજાર છે, જે દેશની કુલ દવા નિકાસમાં એક તૃતીયાંશ કરતાં વધુ હિસ્સો ધરાવે છે. સત્તાવાર આંકડા અનુસાર, નાણાકીય વર્ષ 2024-25માં દવાની  નિકાસ 30 અબજ ડોલર હતી, જે નાણાકીય વર્ષ 2023-24માં 27.5 અબજ ડોલરની સરખામણીમાં 9 ટકાનો વધારો દર્શાવે છે.

ભારત દ્વારા અમેરિકામાં દવાની નિકાસમાં 14 ટકાનો વધારો થયો છે. ભારતની દવા નિકાસમાં મોખરા અન્ય દેશોમાં યુકે, બ્રાઝિલ, ફ્રાન્સ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . .

# PM-SAUDI VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મંગળવારે સાઉદી અરેબિયાની બે દિવસીય મુલાકાતે જશે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનના આમંત્રણ પર શ્રી મોદી સાઉદી અરેબિયા જવાના છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા પ્રમાણે આ મુલાકાત સપ્ટેમ્બર 2023માં પ્રિન્સ સલમાનની G20 સમિટમાં હાજરી આપવા અને ભારત-સાઉદી અરેબિયા વ્યૂહાત્મક ભાગીદારી પરિષદની પ્રથમ બેઠકના સહ-અધ્યક્ષતા પદની નવી દિલ્હીની મુલાકાત બાદ યોજાઇ રહી છે.

ભારત અને સાઉદી અરેબિયા સામાજિક-સાંસ્કૃતિક અને વેપાર સંપર્કો સાથે ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. વ્યૂહાત્મક ભાગીદારો તરીકે, બંને દેશો રાજકીય, સંરક્ષણ, સુરક્ષા, વેપાર, રોકાણ, ઊર્જા, ટેકનોલોજી, આરોગ્ય, શિક્ષણ, સંસ્કૃતિ અને લોકો-થી-લોકોના સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં મજબૂત દ્વિપક્ષીય સંબંધો ધરાવે છે.

. . . . . . . . . . . . . . .

# WORLD LEVER DAY

ગૃહમંત્રી અમિત શાહએ જણાવ્યું છે કે **શરીરને સ્વસ્થ રાખવાનો રાજમાર્ગ યકૃત છે. નિયમિત વ્યાયામથી ઘણું બધું હાંસલ થઈ શકે છે અને દરેક નાગરિકે સ્વસ્થ રહેવું જોઇએ. આજે વિશ્વ યકૃત દિવસ પ્રસંગે** યકૃત અને પિત્ત વિજ્ઞાન સંસ્થા દ્વારા નવી દિલ્હીમાં આયોજિત ‘સ્વસ્થ યકૃત-સ્વસ્થ ભારત’ કાર્યક્રમમાં શ્રી શાહે **યુવાઓને શરીરને વ્યાયામ માટે બે કલાક ફાળવવાનો અનુરોધ કર્યો હતો.**

**યકૃતના રોગો વિશે જાગૃતિ લાવવા અને લોકોને તૈલી ખોરાક ટાળીને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહિત કરવા વિશ્વ યકૃત દિવસ ઉજવવામાં આવે છે.**

**વિશ્વ આરોગ્ય સંસ્થા ડબલ્યુએચઓ અનુસાર, યકૃતની બિમારીઓ ભારતમાં મૃત્યુનું 10મું સૌથી સામાન્ય કારણ છે. આ વર્ષના વિશ્વ યકૃત દિવસની વિષય વસ્તુ છે- 'અન્ન એ જ દવા."**

. . . . . . . . . . . . . . .

# JEE MAIN RESULT

નેશનલ ટેસ્ટિંગ એજન્સી-NTA એ આજે વર્ષ 2025ની સંયુક્ત પ્રવેશ પરીક્ષા-JEE મુખ્યનાં બીજા સત્રનું પરિણામ જાહેર કર્યું છે. આ વખતે કુલ 24 વિદ્યાર્થીઓએ પેપર 1-BE/B TECHમાં 100માંથી 100 ગુણ મેળવ્યા છે.

ટોચના વિદ્યાર્થીઓમાં રાજસ્થાનના એમ. ડી. અનસ અને આયુષ સિંઘલ, દિલ્હીના દક્ષ અને હર્ષ ઝા, પશ્ચિમ બંગાળના દેવદત્ત માઝી અને મહારાષ્ટ્રના આયુષ રવિ ચૌધરીનો સમાવેશ થાય છે.

કટ-ઓફ સાથેનું પરિણામ સત્તાવાર JEEની મુખ્ય વેબસાઇટ-jeemain.nta.nic.in પર ઉપલબ્ધ છે. JEE મુખ્ય પરીક્ષા 2025 આ વર્ષે બે તબક્કામાં, જાન્યુઆરી અને એપ્રિલમાં યોજાઈ હતી. જો કોઈ ઉમેદવારે બંને સત્રોમાં પરીક્ષા આપી હોય, તો તેને જે સત્રમાં વધુ ગુણ મળ્યા છે તેના આધારે મેરિટ યાદીમાં સામેલ કરવામાં આવશે. આ પરીક્ષા દ્વારા ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં પ્રવેશ મળે છે.

. . . . . . . . . . . . . . .

# CHARDHAM YATRA

યમુનોત્રી અને ગંગોત્રી ધામ 30 એપ્રિલના રોજ ખુલશે. શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિ-BKTCના જણાવ્યા અનુસાર શ્રી કેદારનાથ ધામના કપાટ 2 મેના રોજ અને શ્રી બદ્રીનાથ ધામના કપાટ 4 મેના રોજ ખુલશે.

યાત્રાળુઓની સલામતી અને સુવિધા સુનિશ્ચિત કરવા માટે તૈયારીઓ ચાલી રહી છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ રાજ્યના અર્થતંત્રમાં યાત્રાના મહત્વ પર ભાર મૂક્યો હતો અને કહ્યું સરકાર સલામત અને સરળ યાત્રા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

BKTC સમિતિના અધિકારીઓ યાત્રા પહેલા વિવિધ મંદિર સ્થળો અને સુવિધાઓનું નિરીક્ષણ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . .

REGIONAL MIDDAY NEWS 2.30 PM 18-04-2025

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# REV. DELHI-BUILDING COLLAPSE

દિલ્હીના મુસ્તફાબાદ વિસ્તારમાં આજે વહેલી સવારે ચાર માળની ઈમારત ધરાશાયી થયા બાદ કાટમાળ નીચે દટાવાથી ચાર લોકોનાં મૃત્યુ થયા છે. હજુ 8 થી 10 લોકો ફસાયેલા હોવાની આશંકા છે.

ઉત્તર પૂર્વ જિલ્લાના અધિનક નાયબ પોલિસ કમિશનર સંદીપ લાંબાએ જણાવ્યું કે, આ ઘટના સવારે 3 વાગ્યાની આસપાસ બની હતી. રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ-NDRF અને દિલ્હી પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને હાલમાં બચાવ કામગીરી ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . .

# ARYABHATA-50 YEARS

ભારતના પ્રથમ ઉપગ્રહ આર્યભટ્ટને આજે 50 વર્ષ પૂર્ણ થયા છે. 1975માં આજનાં દિવસે પ્રક્ષેપિત કરવામાં આવેલા આ ઉપગ્રહનું નામ પ્રાચીન ભારતીય ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી આર્યભટ્ટના નામ પરથી રાખવામાં આવ્યું હતું.

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા ISRO દ્વારા નિર્મિત આ ઉપગ્રહને યુએસએસઆરની મદદથી કપુસ્ટિન યાર ખાતે પ્રક્ષેપિત કરવામાં આવ્યો હતો. આ ઉપગ્રહનો હેતુ સૌર ભૌતિકશાસ્ત્ર, વાયુશાસ્ત્ર અને એક્સ-રે ખગોળશાસ્ત્ર સહિતના ક્ષેત્રોનું અન્વેષણ કરવાનો હતો.

આર્યભટ્ટએ અવકાશ સંશોધનમાં ભારતના પ્રવેશને ચિન્હિત કર્યો અને દેશના ભાવિ અવકાશ અભિયાનો માટે પાયો નાખ્યો. તેના સફળ પ્રક્ષેપણ સાથે, ભારતને ભ્રમણકક્ષામાં ઉપગ્રહ મોકલનાર વિશ્વનો 11મો દેશ તરીકે માન્યતા મળી હતી.

પ્રસ્તુત છે એક અહેવાલ......

**(વોઈસ કાસ્ટ – રાજેશ મિના, આર્યાભટ્ટ)**

. . . . . . . . . . . . . . .

# CANADA STUDENT DEATH

કેનેડાના ઓન્ટારિયોમાં હેમિલ્ટન ખાતે 21 વર્ષીય ભારતીય વિદ્યાર્થીની હરસિમરત રંધાવાનું ગોળી વાગવાથી અવસાન થયું છે. મોહાક કોલેજની વિદ્યાર્થિની હરસિમરત કામકાજનાં સ્થળે જવા બસ સ્ટોપ પર બસની રાહ જોઈ રહી હતી ત્યારે આ ઘટના બની હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પણ બચી શક્યા નહીં. પોલિસે જણાવ્યું કે, નજીકનાં ઘરમાં પણ ગોળી વાગી હતી, પણ કોઈ જાનહાની નથી થઈ.

દરમિયાન, ટોરોન્ટોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે વિદ્યાર્થિનીનાં મૃત્યુ બદલ ઘેરો શોક વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે, તેઓ મૃતકના પરિવારના સંપર્કમાં છે.

. . . . . . . . . . . . . . .

# CRICKET-IPL

IPL ક્રિકેટમાં, આજે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે, મેચ બપોરે સાડા ત્રણ વાગે શરૂ થશે.

અક્ષર પટેલનાં નેતૃત્વમાં દિલ્હી કેપિટલ્સે અત્યાર સુધી રમાયેલી છ મેચમાંથી માત્ર એક જ મેચ ગુમાવી છે, જ્યારે શુભમન ગિલની આગેવાનીમાં ગુજરાત ટાઇટન્સ પાસે મજબૂત બેટિંગ લાઇનઅપ છે.

અન્ય એક મેચમાં જયપુરમાં સાંજે સાડા સાત વાગે રાજસ્થાન રોયલ્સ લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે રાજસ્થાન રોયલ્સ સતત ત્રણ હાર બાદ પુનરાગમન કરવા માંગે છે. લખનૌ સુપર જાયન્ટ્સ ચેન્નાઈ સુપર કિંગ્સ સામેની છેલ્લી મેચમાં હાર્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# J&K-HAJ PILGRIMS

જમ્મુ કાશ્મીરથી વાર્ષિક હજ યાત્રા પર જતા યાત્રાળુઓની સંખ્યામાં તીવ્ર ઘટાડો નોંધાયો છે. સરકારી આંકડા અનુસાર, 2023 ની સરખામણીમાં છેલ્લા બે વર્ષમાં હજ યાત્રાળુઓની સંખ્યામાં 70 ટકાનો ઘટાડો થયો છે.

આ વર્ષે જમ્મુ અને કાશ્મીરથી માત્ર ત્રણ હજાર 624 લોકો હજ માટે જઈ રહ્યા છે. ગત વર્ષની સરખામણીમાં આ સંખ્યા સાત હજાર ઓછી છે. વર્ષ 2023માં જમ્મુ કાશ્મીરના 12 હજાર 79 લોકો હજ યાત્રા પર ગયા હતા. 2024 માં કેન્દ્રશાસિત પ્રદેશનો હજ યાત્રીઓનો સરકારી ક્વોટા આઠ હજાર 200 હતો, જેમાંથી ફક્ત સાત હજાર આઠ લોકો જ હજ યાત્રા પર ગયા.

ઉલ્લેખનીય છે કે, સરકાર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા ઉપરાંત, જમ્મુ અને કાશ્મીરના લગભગ ત્રણ હજાર યાત્રાળુઓ દર વર્ષે ખાનગી ટૂર ઓપરેટરો દ્વારા હજ યાત્રા પર જાય છે. હજ યાત્રાળુઓ માટે ચાર મેથી શ્રીનગર આંતરરાષ્ટ્રીય હવાઇ મથકથી વિમાનસેવા શરૂ થવાની સંભાવના છે.

. . . . . . . . . . . . . . .